| | |
|---|---|
| રજુ તારીખ :– | ૨૬/૦૯/૨૦૨૩ |
| દાખલ તારીખ :– | ૨૬/૦૯/૨૦૨૩ |
| ફેસલ તારીખ :– | ૧૫/૦૪/૨૦૨૬ |
| અવધિ :– | વર્ષ/માસ/દિવસ |
| | ૦૨ / ૦૬ / ૨૦ |

**<u>કોટડાસાંગણીના મહે.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલતમાં,</u>**
**<u>મુ.–કોટડાસાંગાણી, જિ.રાજકોટ.</u>**

**<u>ફોજદારી કેસ નંબર : ૧૩૮૦/૨૦૨૩</u>**

**<u>આંક :– ૩૨</u>**

**શ્રી સ ર કા ર** **::::: ફરીયાદી**

**<u>–:: વિ રૂ દ ધ ::–</u>**

**અમુલખભાઈ વલ્લભભાઈ ભેસદડીયા**
રહે.વેરાવળ(શા.) એસ.આઈ.ડી.સી., મેઈન રોડ, શ્રી હરીનગર, ગુજરાત હાઉસીંગ, મારૂતિ એપાર્ટમેન્ટની બાજુમાં, બ્લોક નં.૫૯, તા.કોટડાસાંગાણી,જી.રાજકોટ. **::::: આરોપી**

**ગુન્હો : <u>ઈ.પી.કોડની કલમ ૨૭૯,૩૦૪(અ),૩૩૭,૩૩૮ તથા એમ.વી. એકટની કલમ – ૧૭૭, ૧૮૪ મુજબ.</u>**

**<u>ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એ.એ.પઠાણ.</u>**

**<u>આરોપી તરફે વિ.વ. શ્રી એચ.પી.ચુડાસમા.</u>**

**// ચુ કા દો //**

**૧...** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૯/૦૬/૨૦૨૩ ના બપોરના પોણા બે વાગ્યાની આસપાસ કાંગશીયાળી ગામની સીમ, રાજકોટ ગોંડલ રોડ, ટોયોટા શો રૂમની સામે, કલ્પવન તરફે જવાના રસ્તે, સર્વિસ રોડ પર, આ કામના આરોપીએ પોતાના હવાલાવાળો ટેમ્પો જેના રજી.નં. જી.જે.–૦૩–બી.વાય.–૩૯૯૩ વાળો બેફીકરાઈથી ગફલતભરી રીતે માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી ફરીયાદીના પત્ની રીધ્ધીબેન ઉ.વ.૩૬ વાળા તથા સસરા દીપકભાઈ લીલાધરભાઈ દવે, ઉ.વ.૬૪ વાળા તેઓનું યામાહા મોપેડ મોટરસાયકલ જેના રજી.

નં. જી.જે.–૦૩–એફ.પી.–૯૪૫૬ વાળું ચલાવીને જતા હતા અને મો.સા. દીપકભાઈ ચલાવતા હોય ત્યારે હડફેટે લઈ ભટકાડી અકસ્માત કરતા ફરીયાદીના પત્ની રીધ્ધીબેનને વાસમાં તથા પગમાં મુંઢ ઈજા કરી તથા ફરીયાદીના સસરાને ડાબો હાથ કોણી પાસે તથા જમણો પગ ઘુંટી ઉપરથી ભાંગી નાખી તથા કપાળમાં ડાબી સાઈડ ગંભીર ઈજા તથા શરીરે નાની મોટી ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી, ઈ.પી.કોડની કલમ–૨૭૯, ૩૦૪(અ),૩૩૭,૩૩૮ તથા એમ.વી. એકટની કલમ –૧૭૭,૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કર્યાની ફરીયાદ શાપર(વે.) પો.સ્ટે.નોંધાયેલ અને તેની તપાસ ત.ક.અમલદારને સોંપવામાં આવેલી, જેથી ત.ક.અમલદારે આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી આ કામે આરોપી સામે પુરતો પુરાવો જણાતાં હાલનું ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે.

**૨...** ત.ક.અમલદાર ઘ્વારા આરોપી વિરૂઘ્ધ ચાર્જશીટ રજુ કરતા તેઓને સમન્સ કરતા તેમના વ.શ્રી મારફતે હાજર થયેલ છે અને તેઓને સી.આરપી.સી.ની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આરોપીની આંક–૦૩ થી પ્લી લેતાં આરોપીએ તેમની સમક્ષના ગુનાનો ઈન્કાર કરતા ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરેલો.

**૩...** ફરીયાદપક્ષ તરફથી આ કામે નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

મૌખિક પુરાવો :–

| નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી પ્રતિકભાઈ દિનેશભાઈ જોષીની સોગંદ પરની જુબાની. | ૦૯ |
| ૨. | સાહેદ હેમાંગ ગુણવંત આચાર્યની સોગંદ પરની જુબાની. | ૧૧ |
| ૩. | સાહેદ દર્શના હેમાંગ આચાર્યની સોગંદ પરની જુબાની. | ૧૨ |
| ૪. | સાહેદ રધ્ધિીબેન પ્રતિકભાઈ જોષીની સોગંદ પરની જુબાની. | ૧૩ |
| ૫. | સાહેદ વિરલ અશોકભાઈ પંડયાની સોગંદ પરની જુબાની. | ૧૬ |
| ૬. | સાહેદ ફોરમબેન મયંક ત્રિવેદીની સોગંદ પરની જુબાની. | ૧૮ |
| ૭. | સાહેદ મયંકભાઈ ભરતભાઈ ત્રિવેદીની સોગંદ પરની જુબાની. | ૧૯ |
| ૮. | સાહેદ સંજીવભાઈ જગદીશભાઈ દવેની સોગંદ પરની જુબાની. | ૨૦ |
| ૯. | પંચ સાહેદ હરેશભાઈ રતીભાઈ કાથડની સોગંદ પરની જુબાની. | ૨૧ |

| | | |
|---|---|---|
| ૧૦. | ત.ક.અ.રજનીબેન વીરજીભાઈ ભીમાણીની સોગંદ પરની જુબાની. | ૨૮ |

દસ્તાવેજી પુરાવો : –

| અનું નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અસલ ફરીયાદ. | ૧૦ |
| ૨. | એકસ રે ફોટો અસલ. | ૧૪ |
| ૩. | મેડીકલ સર્ટીફીકેટ અસલ. | ૧૫,૩૦ |
| ૪. | ઈન્કવેસ્ટ પંચનામુ અસલ. | ૧૭ |
| ૫. | સ્થાનિક જગ્યાના પંચનામાની ખરી નકલ. | ૨૨ |
| ૬. | સ્થળ પરીક્ષણ અહેવાલની ખરી નકલ. | ૨૩ |
| ૭. | એકસીડન્ટ રીપોર્ટ ફોર્મની ખરી નકલ. | ૨૪,૨૫ |
| ૮. | પી.એમ.નોટની ખરી નકલ. | ૨૬ |
| ૯. | ડેપ્યુટ હુકમ અસલ. | ૨૯ |

**૪...** પ્રોસ્યુ. તરફે પુરાવો પુરો થયા બાદ આરોપી સામે પુરતો પુરાવો જણાઈ આવતા, કિ. પ્રો.કો.ક. ૩૧૩ મુજબનો વધારાનો જવાબ રેકર્ડ કરતા તેઓ જણાવે છે કે, ફરીયાદ, એસ રે ફોટો, મેડીકલ સર્ટીફીકેટ અસલ, ઈન્કવેસ્ટ પંચનામાની ખરી નકલ, સ્થાનિક જગ્યાના પંચનામાની ખરી નકલ, પી.એમ.નોટની નકલ, સ્થળ પરીક્ષણ અહેવાલની ખરી નકલ, એકસીડન્ટ રીપોર્ટ ફોર્મ, ડેપ્યુટ હુકમ વીશે તેઓ કશુ જાણતા નથી અને તેઓ નિર્દોષ છે અને તેઓના ઉપર ખોટો કેસ કરવામાં આવેલ છે તેમ જણાવેલ છે.

**૫...** ત્યારબાદ બંને પક્ષકારોના વિ.વ.શ્રી.ઓની દલીલો સાંભળી. દલીલોની ચર્ચાનુ પુનરાવર્તન ટાળવાના આશયથી પક્ષકારોની દલીલો ધ્યાને રાખી, દલીલોનું પુનરાવર્તન ટાળવાના આશયથી દલીલોની ચર્ચા પુરાવાની ચર્ચા સાથે વણી લેવામાં આવેલ છે.

**૬...** રજુ થયેલ પુરાવો અને દલીલો ધ્યાને લેતાં કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧) શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૯/૦૬/૨૦૨૩ ના બપોરના પોણા બે વાગ્યાની આસપાસ કાંગશીયાળી ગામની સીમ, રાજકોટ ગોંડલ રોડ, ટોયોટા શો રૂમની સામે, કલ્પવન તરફે જવાના રસ્તે, સર્વિસ રોડ પર, આ

કામના આરોપીએ પોતાના હવાલાવાળો ટેમ્પો જેના રજી.નં. જી.જે. –૦૩ –બી. વાય.–૩૯૯૩ વાળો બેફીકરાઈથી ગફલતભરી રીતે માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી ફરીયાદીના પત્ની રીધ્ધીબેન ઉ.વ.૩૬ વાળા તથા સસરા દીપકભાઈ લીલાધરભાઈ દવે, ઉ.વ.૬૪ વાળા તેઓનું યામાહા મોપેડ મોટરસાયકલ જેના રજી.નં. જી.જે.–૦૩–એફ.પી.–૯૪૫૬ વાળું ચલાવીને જતા હતા અને મો.સા. દીપકભાઈ ચલાવતા હોય ત્યારે હડફેટે લઈ ભટકાડી અકસ્માત કરતા ફરીયાદીના પત્ની રીધ્ધીબેનને વાસમાં તથા પગમાં મુંઢ ઈજા કરી તથા ફરીયાદીના સસરાને ડાબો હાથ કોણી પાસે તથા જમણો પગ ઘુંટી ઉપરથી ભાંગી નાખી તથા કપાળમાં ડાબી સાઈડ ગંભીર ઈજા તથા શરીરે નાની મોટી ઈજાઓ પહોં ચાડી મોત નિપજાવી, ઈ.પી.કોડની કલમ–૨૭૯, ૩૦૪(અ),૩૩૭,૩૩૮ તથા એમ.વી. એકટની કલમ–૧૭૭,૧૮૪ મુજબનો ગુનો કરેલ છે?

૨) શું હુકમ ?

**૭...** ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો મારા મત મુજબ નીચે પ્રમાણે છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

– : **<u>કા ર ણો</u>** : –

૮... તમામ રેકર્ડ પરનો દસ્તાવેજી તથા મૌખિક પુરાવો અને દલીલો લક્ષમાં લેતાં, સદર ગુનાના કામે ફરીયાદી પ્રતિકભાઈ દિનેશભાઈ જોષી તેમની આંક–૦૯ થી રજુ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ તારીખ મને ચોકકસ યાદ નથી પણ બનાવ આજથી દોઢેક વરસ ઉપર બનેલો .બનાવ વખતે હું ઘરે હતો ત્યારે બપોરના બે વાગ્યે મારી પત્ની રીધ્ધીના મોબાઈલ ફોન ઉપરથી કોઈ અજાણ્યા માણસનો ફોન આવેલો અને મને કહેલ કે , તમારા સસરા અને તમારી પત્નીનુ એકસીડન્ટ થયેલ છે જે એકસીડન્ટ ગોંડલ રોડ શાપર બાજુ ટોયાટો શોરૂમની સામે સર્વીસ રોડ ઉપર એકસીડન્ટ થયેલ છે તમે આવો તેથી હું બનાવવાળી જગ્યાએ ગયેલ ત્યા મારી પત્ની બેઠેલી હતી.મારી પત્ની બેઠેલી હતી પરંતુ તે બોલી શકે તેવી હાલતમા ન હતી અને મારી મીસીસ ઘરે આવેલી અને મને વાત કરેલી કે મારી પત્ની અને સસરા રાજકોટ મુકામેથી ઘરે આસ્થાગ્રીની સીટી કલ્પવન મુકામે આવતા હતા યામાહા ટુવ્હીલર હતુ જે મારા

સસરા ચલાવતા હતા અને બનાવવાળી જગ્યાએ દુધનો ટેમ્પો જે પૂરસ્પીડમા આવતો હતો તેન હડફેટે લેતા બંને જણા રોડની સાયડમા પડેલા. મારી પત્ની જમણા પગમા અને વાસામા ઈજા થયેલી અને મારા સસરાજીને જમણા પગની ઘુંટણ ઉપર ઈજા થયેલી.બીજી જગ્યાએ ઈજા થયેલી તે હાલ યાદ નથી પછી ૧૦૮ આવી જતા સીવીલ હોસ્પીટલ રાજકોટ  ખાતે દવાખાને લઈ ગયેલ મારા સસરાનુ નામ દીપકભાઈ લીલાધરભાઈ દવે હતુ અને ડો.સાહેબે મરણ ગયેલાનુ જાહેર કરેલુ . આ અકસ્માત કરનાર વાહનનો નંબર ખબર નથી .વાહનના ચાલક અમુલખભાઈ ભેંસદડીયા હતા.હું તેમને જોયે ઓળખી શકુ જે આજ રોજ કોર્ટમા હાજર છે તેને ચેકસવાળો શર્ટ પહેરેલ છે જેને આંગળી ચીંધી ઓળખી બતાવતા હોય જેનુ નામ પૂછતા અમુલખભાઈ વલ્લભભાઈ ભેંસદડીયા હોવાનુ જણાવે છે. મારી પત્નીએ ડો. રાજેશભાઈ જાનીની હોસ્પીટલમા પણ સારવાર લીધેલી. બનાવની મે ફરીયાદ આપેલી. ફરીયાદ મને બતાવવામા આવે છે  જેમાં મારી સહી છે ઓળખુ છુ રજુ દાખલ આં ક–૧૦ છે આ સિવાય બીજુ કંઈ કહેવુ નથી.

જયારે બચાવપક્ષ તરફ કરવામાં આવેલ ઉલટતપાસમાં ફરીયાદી જણાવે છે કે, એ વાત ખરી છે કે, બનાવ બન્યો ત્યારે હું ઘરે હતો. તમારી ઓળખ પરેડ પોલીસે કરાવેલી તેના જવાબમાં હું જણાવું છુ કે હું પોલીસ સ્ટેશન ગયો ત્યારે આરોપી હાજર હતો. એ વાત ખરી છે કે, આ બનાવ મેં નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યા હાઈવે રોડ છે અને અહીં ઘણા વાહનોની અવર જવર થતી હોય છે.

૯... ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ હેમાંગ ગુણવંત આચાર્ય તેમની આંક – ૧૧ થી રજુ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ તા. ૧૯/૦૬/૨૦૨૩ ના રોજ બનેલો જે દિવસના એકથી બે  વાગ્યાના દરમ્યાન બનેલો . જે આસ્થા ગ્રીનસીટી ગોંડલ રોડ ટોયાટો શોરૂમ કલ્પવન જવાના રોડ (કલ્પવન અને આસ્થા ગ્રીનસીટી એક જ કહેવાય છે) જે શાપર વેરાવળ વાળા રોડ પર બનેલ.બનાવમાં મારા સાઢુભાઈ પ્રતીકનો ફોન આવેલ અને તેણે બનાવની જાણ કરેલી જેમા રીધ્ધી અને તેના સસરા દીપકભાઈનો અકસ્માત થયેલાનુ જણાવેલ જેમા દીપકભાઈ મરણ ગયેલા આ સમાચાર મળતા હુ અને મારી પત્ની દર્શના રાજકોટ મારી સાળી રીધ્ધીબેનના ઘરે કલ્પવન સોસાયટીમા આવેલ અને રીધ્ધીએ મને  બનાવની વાત કરેલી જેમા તે અને તેના પિતાજી મોટર સાયકલ લઈને જતા હતા અને બનાવવાળી જગ્યાએ ટાટાના ચાલકે રેસ ડ્રાઈવીંગ કરી મોટરસાયકલને હડફેટે લીધેલ જેમા રીધ્ધી અને દીપકભાઈને ઈજાઓ થયેલીઅને તેમા દીપકભાઈ

ગુજરી ગયેલા. અકસ્માત કરનાર વાહનનો નં જી.જે.૦૩ બી.વાય.૩૯૯૩ નો હતો . મેં અકસ્માત કરનાર વાહનના ચાલકને મેં જોયેલ નથી પોલીસે મારુ નિવેદન લીધેલુ

જયારે બચાવપક્ષ તરફ કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે, બનાવની જાણ મને ફોનથી થયેલી બનાવ મેં નજરે જોયેલ નથી.

**૧૦...** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ દર્શના હેમાંગ આચાર્ય તેમની આંક – ૧૨ થી રજુ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ તા. ૧૯/૦૬/૨૦૨૩ ના રોજ બનેલો જે દિવસના એકથી બે વાગ્યાના દરમ્યાન બનેલો . જે આસ્થા ગ્રીનસીટી ગોંડલ રોડ ટોયાટો શોરૂમ કલ્પવન જવાના રોડ (કલ્પવન અનેઆસ્થા ગ્રીનસીટી એક જ કહેવાય છે) જે શાપર વેરાવળ વાળા રોડ પર બનેલ.બનાવમાં મારા જીજાજી પ્રતીકભાઈનો ફોન મારા પતિ હેમાંગને આવેલ અને તેણે બનાવની જાણ કરેલી જેમા રીધ્ધી અને તેના સસરા દીપકભાઈનો અકસ્માત થયેલાનુ જણાવેલ જેમા દીપકભાઈ મરણ ગયેલા આ સમાચાર મળતા હુ અને મારી પતિ હેમાંગ રાજકોટ મારી બહેન રીધ્ધીબેનના ઘરે કલ્પવન સોસાયટીમા આવેલ અને રીધ્ધીએ અમોને બનાવની વાત કરેલી જેમા તે અને આપણા પિતાજી મોટર સાયકલ લઈને જતા હતા અને બનાવવાળી જગ્યાએ ટાટાના ચાલકે ટકકર મારી ડ્રાઈવીંગ કરી મોટરસાયકલને હડફેટે લીધેલ. જેમા રીધ્ધી અને મારા પિતા દીપકભાઈને ઈજાઓ થયેલી અને તેમા મારા પિતા ગુજરી ગયેલા. અકસ્માત કરનાર વાહનનો નંબર યાદ નથી.મેં અકસ્માત કરનાર વાહનના ચાલકને મેંજોયેલ નથી .પોલીસે મારુ નિવેદન લીધેલું.

જયારે બચાવપક્ષ તરફ કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે, બનાવની જાણ મને ફોનથી થયેલી બનાવ મેં નજરે જોયેલ નથી.

**૧૧...** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ રીધ્ધીબેન પ્રતીકભાઈ જોષી તેમની આંક – ૧૩ થી રજુ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ તા. ૧૯/૦૬/૨૦૨૩ ના રોજ બનેલો જે દિવસના દોઢથી બે વાગ્યાના દરમ્યાન બનેલો . જે આસ્થા ગ્રીનસીટી ગોંડલ રોડ ટોયાટો શોરૂમ કલ્પવન જવાના રોડ (કલ્પવન અનેઆસ્થા ગ્રીનસીટી એક જ કહેવાય છે) જે શાપર વેરાવળ વાળા રોડ પર બનેલ. બનાવ વખત અમો ગામમા રાજકોટ દુકાનના કામે ગયેલા અને ગોંડલ રોડ હાઈવે પેટ્રોલપંપ પર પેટ્રોલ પુરાવીને સર્વીસ રોડ પરથી આસ્થા ગ્રીનસીટી તરફ આવતા હતા. હું અને મારા ફાધર હતા અમો બંને જણા ટુવ્હીલર લઈને આવતા હતા. આ ટુવ્હીલર મારા ફાધર દીપકભાઈ ચલાવતા હતા હું પાછળ બેઠી હતી સામેથી ફુલ સ્પીડમા ટાટા ૪૦૭ મોડલ હતુ જેનો નં

બર જી.જે૩ બી.વાય.૩૯૯૩ હતો  અને તેના ચાલકે અમોને ટકકર મારતા હું દૂર ફેકાઈ ગયેલી અને મારા ફાધરને સ્કુટર સહીત આગળ ઘસેડી ગયા અને એમને જમણા પગની ઘુંટીએથી પગ અલગ પડી ગયેલ અને મોઢા પર છોલાઈ ગયેલુ લોહીલુહાણ થઈ ગયેલ કપાળ પર પણ ઈજા થયેલી. મને પણ જમણા અને ડાબા પગમા ઈજાઓ થયેલ તથા કમરમા ઈજાઓ થયેલી.પછી મે મારા હસબન્ડને ફોન કર્યો અને બનાવની જાણ કરેલી અને તેમને બનાવવાળી જગ્યાએ બોલાવેલા બીજા ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા હતા તેમાંથી કોઈએ ૧૦૮ ને ફોન કરેલો.અમો બંનેને તેમાં રાજકોટ સીવીલ હોસ્પીટમા સારવાર માટે લઈ ગયેલ.મારી સારવાર ચાલુ હતી અને મારા પતી અને બીજા સગાવ્હાલાઓએ મને કહેલ કે  દીપકભાઈને આઈ.સી.યુમા લઈ ગયેલા છે.હું ઘરે આવી પછી મને જાણ થયેલ કે મારા પિતાજી ગુજરી ગયેલ છે. અકસ્માત કરનાર વાહનના ચાલક અમુલકભાઈ ભેંસદડીયા હતા.હું તેમને જોયે ઓળખી શકુ જે આજ રોજ કોર્ટમા હાજર છે તેને ચેકસવાળો શર્ટ પહેરેલ છે જેને આંગળી ચીંધી ઓળખી બતાવતા હોય જેનુ નામ પૂછતા અમુલખભાઈ વલ્લભભાઈ ભેંસદડીયા હોવાનુ જણાવે છે. મેં સરકારી સીવીલહોસ્પીટલમા સારવાર લીધા પછી પણ મને તકલીફ હોવાથી પ્રાઈવેટમા ડો. રાજેશ શાહની સારવાર લીધેલી તેમા મારા જમણા પગમા ફ્રેંકચર આવેલુ હું તેનો એકસ રે તથા સારવાર સર્ટી સાથે લાવેલ છું.જેની એકસ રે પ્લેટ હુ આજ રોજ રજુ કરુ છુ જેને રજુ દાખલ આંક –૧૪ તથા મેડીકલ સર્ટીફીકેટ રજુ કરુ છું. જે રજુ દાખલ આંક–૧૫ છે ફરીયાદ મારા પતિએ આપેલી અને આ સંબંધે  પોલીસે મારુ નિવેદન લીધેલું.

જયારે બચાવપક્ષ તરફ કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે,  મારા નીવેદનમાં અમોને અકસ્માત કરનાર વાહન કેટલી સ્પીડમાં હતુ તે જણાવેલ નથી. એ વાત ખરી છે કે, આ અકસ્માતવાળી જગ્યાએ ઘણા માસણો ભેગા થઈ ગયેલા. એ વાત ખરી છે કે, આરોપીના સમાજના પ્રમુખ અમારી સાથે સમાધાન માટે વાતચીત કરવા આવ્યા ત્યારે જ મને આરોપીના નામની ખબર પડેલી. એ વાત ખરી છે કે, અમોને અકસ્માત કરનાર વાહન કયાં કલરનું હતુ તે મેં મારા નીવેદમાં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે, અકસ્માત થયેલ ત્યારે હું હેબતાઈ ગયેલી જેથી અકસ્માત કરનાર વાહનચાલકને મેં જોયેલ નથી.

**૧૨...** ત્યારબાદ ફરીયાદપક્ષે પંચ સાહેદ વીરલ અશોકભાઈ પંડયા તેમની આંક – ૧૬ થી રજુ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે,   મને તા. ૧૯/૦૬/૨૦૨૩ ના રોજ

રાજકોટ સીવીલ હોસ્પીટલ ખાતે બપોરના સાડા ત્રણથી ચાર વાગ્યે બોલાવેલો જે સીવીલ હોસ્પીટલ પી.એમ રૂમ પાસે બોલાવેલ. મરણ જનાર દીપકભાઈ લીલાધરભાઈ બ્રહણ હતા. તેમની લાશ પ્રતીકભાઈ દીનેશભાઈ જોષી એ ઓળખી બતાવેલી. દીપકભાઈના શરીર ઉપર ઈજાઓ હતી જેમા જમણાપગમા ઘુંટથી ઉપર કટકા થયેલ. ડાબા હાથની કોણી ઉપર પણ ઈજા હતી મોઢા, કપાળ અને આંખ ઉપર ઈજા થયેલી લોહી હતુ. જેઓ વાહન અકસ્માતમા મરણ ગયેલ હતા. બીજા પંચ તરીકે રવીન્દ્ર શાંતીલાલ પંડયા હતા. પંચનામુ સાંજના સાડા ચાર વાગ્યે પુરુ થયેલુ.પંચનામુ લખાવ્યા બાદ અમોએ સહી કરેલી મને પંચનામુ બતાવવામા આવે છે તેમાં મારી સહી છે ઓળખુ છુ રજુ દાખલ આંક–૧૭ છે આ સિવાય બીજુ કંઈ કહેવુ નથી

જયારે બચાવપક્ષ તરફ કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ જણાવે છે કે, એ વાત ખરી નથી કે, તૈયાર પંચનામામાં સહી કરેલી.

**૧૩...** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ ફોરમબેન મચંક ત્રિવેદી તેમની આંક – ૧૮ થી રજુ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ તા. ૧૯/૦૬/૨૦૨૩ ના રોજ બનેલો જે દિવસના એકથી બે વાગ્યાના દરમ્યાન બનેલો . જે આસ્થા ગ્રીનસીટી ગોંડલ રોડ ટોયાટો શોરૂમ કલ્પવન જવાના રોડ (કલ્પવન અનેઆસ્થા ગ્રીનસીટી એક જ કહેવાય છે) જે શાપર વેરાવળ વાળા રોડ પર બનેલ.બનાવમાં મારા જમાઈ પ્રતીકભાઈનો ફોન મારા પતિ મચંકને આવેલ અને તેણે બનાવની જાણ કરેલી જેમા રીધ્ધી અને તેના સસરા દીપકભાઈનો અકસ્માત થયેલાનુ જણાવેલ જેમા દીપકભાઈ મરણ ગયેલા આ સમાચાર મળતા હુ અને મારી પતિ મચંક રાજકોટ મારી બહેન રીધ્ધીબેનના ઘરે કલ્પવન સોસાયટીમા આવેલ અને રીધ્ધીએ અમોને બનાવની વાત કરેલી જેમા તે અને આપણા પિતાજી મોટર સાયકલ લઈને જતા હતા અને બનાવવાળી જગ્યાએ ટાટાના ચાલકે ટકકર મારી ડ્રાઈવીંગ કરી મોટરસાયકલને હડફેટે લીધેલ. જેમા રીધ્ધી અને મારા પિતા દીપકભાઈને ઈજાઓ થયેલી અને તેમા મારા પિતા ગુજરી ગયેલા. અકસ્માત કરનાર વાહનનો નંબર યાદ નથી.મેં અકસ્માત કરનાર વાહનના ચાલકને મેંજોયેલ નથી .પોલીસે મારુ નિવેદન લીધેલું.

જયારે બચાવપક્ષ તરફ કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે, બનાવની જાણ મને ફોનથી થયેલી બનાવ મેં નજરે જોયેલ નથી.

**૧૪...** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ મચંકભાઈ ભરતભાઈ ત્રિવેદી તેમની આંક – ૧૯ થી રજુ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ તા.૧૯/૦૬/૨૦૨૩ ના રોજ બનેલ.

મને મારા સાઢુભાઈ પ્રતિક દીનેશભાઈ જોશીનો ફોન આવેલો અને કહેલ કે મારા સસરા દીપકભાઈ અને રધ્ધિી પ્રતિકભાઈ જોશીનો અકસ્માત થયેલ છે જેમાં દીપકભાઈ દવે ગુજરી ગયેલ છે તમો રાજકોટ આવી જાય તેમ વાત કરતાં હું અને મારી પત્ની ફોરમ ઉદેપુરથી મારા સસરાના ઘરે આસ્થા ગ્રીનસીટીમાં આવેલ અને મને પ્રતિકભાઈએ જણાવેલુ કે, બજારમાંથી મારા સસરા અને રીધ્ધી પ્રતિકભાઈ જોશી બંને જણા સ્કુટર લઈને ઘરે પરત આવતા હતા ત્યારે અંદાજે ૩:૩૦ થી ૪:૦૦ વાગ્યાની આસપાસ ટાટા કંપનીના ૪૦૭ સાથે અકસ્માત થયેલ જેનો નંબર મને ખબર નથી તે કોણ ચલાવતુ હતુ તે પણ મને ખબર નથી. આ અકસ્માત મારા સસરા દીપકભાઈ ગુજરી ગયેલ અને રીધ્ધીબેનને પગમાં, પડખામાં ઈજાઓ થયેલી. આ સંબંધે પોલીસે મારુ નીવેદન લીધેલુ. આ સીવાય બીજુ કંઈ જાણતો નથી

જયારે બચાવપક્ષ તરફ કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે, આ બનાવ બન્યો ત્યારે હું ઉદેપુર હતો. એ વાત ખરી છે કે, બનાવની જાણ મને ફોન દ્રારા થયેલી. એ વાત ખરી છે કે, બનાવ મેં નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે, બનાવ વીશે મને કોઈ જાત માહિતી નથી.

**૧૫...** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ સંજીવભાઈ જગદીશભાઈ દવે તેમની આંક – ૨૦ થી રજુ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ તા.૧૯/૦૬/૨૦૨૩ ના રોજ બનેલ અને બપોરના અઢી વાગ્યાના અરસામાં મારા જમાઈ પ્રતિકનો ફોન આવેલો અને વાત કરેલી કે રીધ્ધી અને તેમના પપ્પા દીપકભાઈનું ઈનોવા ટોયોટો શો રૂમની પાસે ખોડીયાર હોટલની બાજુમાં રાજકોટ ગોંડલ રોડ ઉપર નેશનલ હાઈવે ઉપર અકસ્માત થયેલ છે તેવી જાણ અમને કરેલી. આ અકસ્માતમાં દીપકભાઈ મરણ ગયેલા. હું પ્રથમ રાજકોટથી બનાવવાળી જગ્યાએ ગયેલ ત્યાં જોયું તો એકસીડન્ટ થઈ ગયેલ હતુ. જેમાં સ્કુટર ટેમ્પાની નીચે ઘુસી ગયેલ હાલતમાં હતુ અને રીધ્ધીબેન ત્યાં હાજર હતા તેમને પીઠમાં અને પગમાં મુંઢ ઈજાઓ થયેલી હતી જેથી તેમને અને દીપકભાઈ બંનેને રાજકોટ સરકારી દવાખાને લઈ ગયેલો ત્યાં ડોકટરે દીપકભાઈને ગુજરી ગયેલાનું જણાવેલ મારે રીધ્ધીબેન સાથે બનાવના સ્થળે વાત થયેલી જેમાં તેમણે જણાવેલુ કે આ ટેમ્પાના ચાલકે અકસ્માત કરેલ છે કે જયારે તેઓ અને દીપકભાઈ ઘરે જતા હતા. આ સીવાય હું બીજુ કંઈ જાણતો નથી. પોલીસે મારી પુછપરછ કરેલી.

જયારે બચાવપક્ષ તરફ કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ જણાવે છે કે, એ વાત

ખરી છે કે, આ બનાવ બન્યો ત્યારે હું રાજકોટ મારા ઘરે હતો. એ વાત ખરી છે કે, બનાવ મેં નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યા નેશનલ હાઈવે છે. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાએ ઘણા બધા વાહનોની અવર જવર હોય છે એ વાત ખરી છે કે, વાહન ચાલકનું કોણ હતુ તે હું કહી શકુ નહીં.

**૧૬...** ત્યારબાદ ફરીયાદપક્ષે પંચ સાહેદ હરેશભાઈ રતીભાઈ કાથડ તેમની આંક – ૨૧ થી રજુ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ ૨૦૨૩ ની સાલમાં પોલીસે મારી એક તૈયાર પંચનામામાં સહી લીધેલી જે પંચનામુ મને બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે હું ઓળખું છુ રજુ દા.આંક–૨૨ આપવામાં આવે છે આ પંચનામુ મારી હાજરીમાં થયેલ નથી.

સદરહું સાહેદને એ.પી.પી.શ્રીને વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવ્યા છે અને બાદમાં કરવામાં આવેલ ઉલટ તપાસમાંથી કોઈ ફળદાયી હકીકત બહાર આવવા પામેલ નથી.

જયારે બચાવપક્ષ તરફ કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે, પોલીસે માત્ર મારુ નામ, સરનામુ પુછેલ તે સીવાય બીજું કાંઈ જાણતો નથી.

**૧૭...** ત્યારબાદ ફરીયાદપક્ષે ત.ક.અ.રજનીબેન વીરજીભાઈ ભીમાણી તેમની આંક – ૨૮ થી રજુ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તા.૧૯/૬/૨૦૨૩ અમો શાપર–વેરાવળ પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતી હતી આ દરમ્યાન આ કામના ફરીયાદી પ્રતિકભાઈ દીનેશભાઈ જોષીનાઓએ તેઓની ફરીયાદ પ્રતિકભાઈ દિનેશભાઈ જોષીનાઓએ તેઓની ફરીયાદ એમ.એમ.ડાભી પો.હેડ.કોન્સ.ને રૂબરૂ આપેલી, જે ફરીયાદ પી.એસ.ઓ.એ શાપર–વેરાવળ પો.સ્ટે. ગુના રજી.નં.૦૪૮૨/૨૩ થી દાખલ કરેલો. આ કામે એમ.એમ.ડાભી પો.હેડ.કોન્સ.એ ઈન્કવેસ્ટ પંચનામું કરેલું. બાદ આ ગુનાની તપાસ અમોએ સંભાળેલી લીધેલી. આ કામે અમોએ સ્થાનિક જગ્યાનું પંચનામું પંચો રૂબરૂ કરેલ તથા લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા. આ કામે ફોરેન્સીક સાયન્સ ગાંધીનગર સાયન્ટીફીક ઓફીસર મારફત સ્થળ પરીક્ષણ કરાવેલુ જેનો રીપોર્ટ કામમાં સામેલ રાખેલ તેમજ આ કામમાં સંડોવાયેલ વાહનોના એકસીડન્ટ રીપોર્ટ પણ આર.ટી.ઓ.ઈન્સ્પેકટર મારફત કરાવી તપાસના કામે સામેલ રાખેલ તથા ગુજરનાર દીપકભાઈ લીલાધરભાઈ દવેનું પી.એમ.નોટ

તપાસના કામે સામેલ રાખેલી અને આ કામના આરોપી અમુલ વલ્લભભાઈ ભેસદડીયાએ અટક કરી તેઓના વીરુધ્ધ ક્રિપાલસિંહ ચંદુભાઈ રાણાનાઓએ અમારી તપાસના કાગળો જોયે પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલી. આરોપીને જોયેથી ઓળખી શકુ જે આજરોજ કોર્ટમાં હાજર છે મને આ કામના ડેપ્યુટ હુકમ બતાવવામાં આવે છે જેમાં એમ.આર.કાનગડનાઓની સહી છે જે હું ઓળખું છુ જેને રજુ દા.આંક–૨૯ આપવામાં આવે છે

જયારે બચાવપક્ષ તરફ કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ જણાવે છે કે, એ વાત ખરી નથી કે, ફરીયાદીની ફરીયાદને અનુરૂપ નીવેદનો તથા પંચનામું મેં જાતે તૈયાર કરેલ છે અને આરોપી વીરુધ્ધ પુરતા પુરાવા ન હોય ખોટી તપાસ કરેલ છે. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાનો રફ સ્કેચ તપાસના કામે મેં તૈયાર કરાવેલ નથી. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યા પર ઘણા વાહનોની અવર–જવર થાય છે.

**ફરીયાદપક્ષે રજુ પુરાવાની ચર્ચા :–**

**૧૮...** આમ, આ કામે રજુ થયેલ પુરાવાની હકીકતો જોવામાં આવે તો આ કામે તપાસવામાં આવેલા ફરીયાદી તથા અન્ય સાહેદો એ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી હાલના ગુનામાં આરોપીની સંડોવણી પુરવાર કરતી કોઈ હકીકત જણાવેલ ન હોય ત્યારે ફરિયાદીએ પોતાની જુબાનીમાં અકસ્માત કરનાર વાહનના નંબર, તેના ચાલક વિશે કોઈજ હકીકત જણાવતા ન હોય, આ આકસ્માત કે ઈજા આ કામના આરોપીની બેદરકારીના કારણે થયેલ હોય કે અકસ્માતમાં સંડોવાયેલ વાહન દ્ધારા થયાની હકીકત ઉપરોક્ત પુરાવો લક્ષમાં લેતા પુરવાર થતી નથી. તે સંજોગોમાં રેકર્ડ ઉપર રજુ દસ્તાવેજી પુરાવાને મૌખીક પુરાવાથી સમર્થન મળતુ ન હોય તે તેની કેઈ પુરાવાકિય વેલ્યુ રહેતી નથી.

આમ, આ કામે તપાસવામાં આવેલ સાહેદ પ્રતીકભાઈ જોષીની આંક–૦૯ ની જુબાનીમાં તેમના દ્રારા ઉલટતપાસમાં એ હકીકત જણાવેલ છે કે, તેઓ બનાવ સમયે ઘરે હતા અને બનાવ તેમણે નજરે જોયેલ નથી અને તે જ પ્રકારે આંક–૧૧ તથા આંક–૧૨ તથા આંક –૧૮ તથા આંક–૧૯ તથા આંક–૨૦ ના સાહેદો દ્રારા બનાવ નજરે જોયેલ ન હોવાની હકીકત તેમની ઉલટતપાસમાં જણાવેલ છે અને આ કામના સાહેદ રીધ્ધીબેન જોષી જેઓને આંક–૧૩ થી તપાસવામાં આવેલા છે તેમના દ્રારા આ કામના આરોપીને કોર્ટ સમક્ષ ઓળખી બતાવેલ છે અને જેઓ આ કામના ગુજરનાર દિપકભાઈ સાથે ઘટનાના

દિવસે એકટીવા પર રાજકોટ ગોંડલ હાઈવે પર જઈ રહયા હતા જયાં તેમનું અકસ્માત થયેલુ હતુ સદરહું સાહેદ દ્વારા તેમની સરતપાસમાં પોતાનું એકટીવા રસ્તાની કંઈ તરફ ચલાવતા હતા અને સામાવાળું વાહન જેની સાથે તેમનો અકસ્માત થયેલો હતો તે રસ્તાની કંઈ તરફથી આવતું હતુ તે બાબતે કોઈ હકીકત જણાવેલ નથી અને તે જ રીતે પોતાનું વાહન અને સામાવાળાનું વાહન ચોકકસ કેટલી સ્પીડમાં આવતું હતુ તે બાબતે પણ કોઈ હકીકત જણાવેલ નથી તથા સદરહું સાહેદ રીધ્ધીબેન જોષી દ્વારા તેમની ઉલટતપાસમાં જણાવેલ છે કે, '' એ વાત ખરી છે કે, મારા નીવેદનમાં અકસ્માત કરનાર વાહન કેટલી સ્પીડમાં હતું તે જણાવેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીના સમાજના પ્રમુખ અમારી સાથે સમાધાન માટે વાતચીત કરવા આવ્યા ત્યારે જ મને આરોપીના નામની ખબર પડેલી. એ વાત ખરી છે કે, અમોને અકસ્માત કરનાર વાહન કયાં કલરનું હતુ તે મેં મારા નીવેદનમાં લખાવેલન નથી.''

આમ, ઉપરોકત સાહેદોની જુબાની ધ્યાને લેવામાં આવે તો, હકીકતે આ કામના આરોપી તેમના કબ્જાવાળું વાહન માત્ર બેદરકારી નહી પરંતુ એટલી હદની ગુન્હાહીત બેદરકારી જેનાથી સામાવાળા વ્યકિતનો જીવ જોખમમાં હોય એ રીતે ચલાવી અને એક સારા ચાલક તરીકેની ફરજ ન નિભાવી ગફલતભરી રીતે અકસ્માત કરેલ હોય અને જેનાથી ફરીયાદીના પત્નીને ઈજાઓ થયેલ હોય અને ફરીયાદીના સસરા ગુજરી ગયેલ હોય તેવું રેકર્ડ પર નિ:શંકપણે પુરવાર થતું નથી. ''માત્ર પુરઝડપે'' વાહન ચલાવવાના આક્ષેપોથી ગુન્હાહીત બેદરકારી સાબિત થતી નથી અને આ કામના સ્થાનિક જગ્યાના પંચ હરેશભાઈ કાથડ દ્વારા બનાવવાળી જગ્યા બાબતે કોઈ પણ હકીકતને સમર્થન આપેલ નથી, જેથી ચોકકસ કંઈ જગ્યાએ અને કેવી રીતે અને ચોકકસ કોની બેદરકારીથી અકસ્માત થયેલ છે તે યોગ્ય પુરાવાના અભાવે પુરવાર થતું નથી.

**૧૯..** આમ, કેસની સમગ્ર હકીકત, દલીલો, રેકર્ડ, દસ્તાવેજી પુરાવાઓ, સોગંદ ઉપરવો પુરાવો, કાયદાની જોગવાઈઓ, કાયદાના પ્રાસ્થાપિત સિદ્ધાંતોને ધ્યાને લેતા, જ્યારે સાહેદો પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં હાલના કામના આરોપીની સંડોવણી પુરવાર થાય તેવી કોઈ હકીકત જણાવતા ન હોય અને બનાવમાં અકસ્માત કરનાર વાહનના નંબર, કે તેના ચાલક વિશે કોઈજ હકીકત જણાવતા ન હોય તે સંજોગોમાં હવે વધુ સાહેદોને કે પોલીસ સાહેદોને તપાસવામાં આવે તો પણ આરોપી વિરૂદ્ધનો ગુનો સાબીત થઈ શકે તેમ ન હોય અન્ય સાહેદોને કે પોલીસ સાહેદોને તપાસવામાં આવેલા નથી અને તે

સંજોગોમાં આરોપીએ પોતાના હવાલાવાળુ વાહન પુરઝડપે, બેફીકરાઈથી, બેદરકારીપુર્વક અને માનવજીંદગી જોખમાય તે રીતે ચાલાવી અને આ અકસ્માત કરેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર રજુ પુરાવાથી સાબીત કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ ગયેલ છે.

વધુમાં નામ. ગુજરાત હાઈકોર્ટના R/CRIMINAL REVISION APPLICATION NO. 338 of 2010, BHARATSINH SOMABHAI BAMAN Versus STATE OF GUJARAT ના ચુકાદાના પેરા. ૭.૫ માં ઠરાવેલ છે કે,–

7.5] As discussed herein above, it becomes crystal clear that the conviction under Section 304–A read with Section 279 of the IPC cannot be founded merely on the doctrine of res ipsa loquitur. Under Section 279 of the IPC, the rashness or negligence must be what may fairly can be described as a criminal rashness or criminal negligence. As accused can be convicted of the offence under Section 279 of the IPC, there must be more than some error of judgment or mere carelessness on the part of accused to render a person liable for criminal negligence. Even to draw any such presumption there is no material or evidence on record collected by the Investigating Officer. Even, the panchnama is not properly drawn. In the case on hand, the panchnama carried out is below par. The accident is not investigated in proper and scientific manner, photograph or the site plan is not prepared or produced. The panchnama of scene of offence is also not satisfactory. The exact point of impact as well as any tyre skid marks or damage to bus is also not mentioned. Even, where vehicles come to rest after collision are not demarcated clearly. Such exercise would enable the Court to examine the evidence in much more objective manner. While the onus is on the prosecution to establish the case beyond all reasonable doubt that the vehicle was being driven in rash or negligent manner and what is rash or

negligent driving would depend on the fact and circumstances of each case. In the present case, witness has not stated about the rash and negligent driving on the part of the applicant–accused. Even if it is believed that the vehicle was being driven by the accused in full speed, 'high speed' itself is an unclear expression. There is nothing on record to establish that the accused drove the vehicle in rash and negligent manner. Therefore, the applicant is not liable to be convicted under Sections 279 and 304–A of the IPC.

**તેજ રીતે વધુમાં નામ. ગુજરાત હાઈકોર્ટે તેમના ક્રીમી.રીવીઝન એપ્લી. નં.૩૪૭/૨૦૧૨, સંદિપભાઈ લલ્લુભાઈ ચૌધરી વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ના તા.૦૨/૦૨/૨૦૨૪ ના તાજેતરના જજમેન્ટમાં પેરા–૧૮ માં ઠરાવેલ છે કે,**

**Para– 18** –When a driving leads to an accident resulted into death or injury, the question arises as to whether it was rash and negligent driving. Mere negligence cannot be construed rashness. There are several other factors which are amongst to decide that whether rash and negligent driving was there. The Court is required to decide the issue that whether driving leads to an accident is due to rash and negligent driving, more particularly, when the charges are under Section 279 and 304.A of the IPC are levelled and at that time it is required to reach to the decision that criminal rashness or criminal negligence was there on the part of the accused. Thus, to sustain the charge under Section 279 and 304.A of the IPC, the prosecution is required to prove the rash and negligence on the part of the accused vis–a–vis knowing hazard and and knowledge of the accident. All these aspects are missing in the present case and learned Courts below have failed to appreciate these aspects."

આમ, નામ. હાઈકોર્ટના ઉપરોક્ત ચુકાદામાં ઠરાવ્યા મુજબ આરોપીએ પોતાના

હવાલાવાળુ વાહન એટલી હદે પુરઝડપે અને બેદરકારીપૂર્વક ચલાવી અકસ્માત કરેલ હોય કે જેનાથી મનુષ્યની જીંદગી જોખમમાં મુકાયેલ તેવી હકીકત ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરવી જોઈએ. માત્ર આરોપી પોતાનું વાહન પુરઝડપે અને બેદરકારીપૂર્વક ચલાવતા હતા અને અકસ્માત થયેલ હોય તેટલા માત્રથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં. ઉપરોક્ત સંજોગોમાં માત્ર ફરિયાદ દાખલ થવાથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં.ઉપરોકત તમામ હકીકતો તેમજ રેકર્ડ ઉપર રજુ પુરાવો ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપી સામેનો પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. આમ, ઉપર કરેલ ચર્ચા અને સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતા, ફરીયાદપક્ષ મુદ્દા નં.૧ પુરાવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નંબર-(૧) નો નિર્ણય ''**નકાર**'' માં આપી મુદ્દા નંબર-(૨) પરત્વે નીચે મુજબ ''**આખરી હુકમ**'' કરવામાં આવે છે.

## -: આખરી હુકમ :-

**૧...** આ કામના આરોપી **અમુલખભાઈ વલ્લભભાઈ ભેસદડીયા**ને ક્રિ. પ્રો.કો.ક. ૨૪૮ (૧) અન્વયે, ઈ.પી.કોડની કલમ -૨૭૯, ૩૦૪(અ),૩૩૭,૩૩૮ તથા એમ.વી. એકટ ની કલમ-૧૭૭,૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨...** આ કામના આરોપીએ રૂ.૧૦,૦૦૦/- ના જામીન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭(એ) અન્વયેના ૬ માસના સમય સુધીના અને અપીલ સમય સુધીના રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ : ૧૫મી, માંહે : એપ્રિલ, સને : ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : કોટડાસાંગાણી
તારીખ : ૧૫/૦૪/૨૦૨૬

**(ઋત્વિજ ફાલ્ગુનભાઈ ત્રિવેદી)**
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
કોટડા સાંગાણી.
**U.I.C.NO.GJ01748**